આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં પીવાના પાણીની તંગી નિવારવા ગામોમાં ટેન્કર અથવા એચ.ડી.પી.ઇ. ટાંકી ટ્રક કે ટ્રેકટર પર ગોઠવી પાણી પહોંચાડવા માટનું કામ વર્ષઃ ૨૦૨૬-૨૭ માટે

શરતો ::

1. **ભાવો સામેલ રાખેલ શીડયુલ-બી માં માંગ્યા મુજબ ભરવાના રહેશે. પાણી પરીવહનની થનાર કામગીરી પ્રમાણે શીડ્યુલ-બીની વિગતે લાગું પડતી જે તે લીડ વાળી ટ્રીપના મંજુર થયેલ દર આધીન ચુકવણું કરવામાં આવશે. કામ કરાવનાર સક્ષમ અધિકારીશ્રીએ કામ કરાવતા પહેલા એજન્સીને જે તે લાભાર્થી ગામવાર થનાર લીડ વાળી ટ્રીપના મંજુર થયેલ દર આધીન ચુકવણાની રકમનો સ્પષ્ટ ઉલ્લેખ કરી આદેશ આપી તે મુજબ બન્ને પક્ષે કરાર કરવાનો રહેશે.**

2. આ ટેન્ડર અંગેનું કાર્યક્ષેત્ર આણંદ જિલ્લાના તમામ તાલુકા હોવાથી ધંધાકીય કદનું ક્ષેત્ર સમગ્ર આણંદ જિલ્લો રહેશે. તેમજ આણંદ જિલ્લાના તમામ તાલુકામાં ઠેકેદારને તેમના કે તેમના પ્રતિનિધિના સંપર્ક માટે સ્થળ, સરનામું, ફોન નંબર વગેરેની માહિતિ પુરી પાડવાની રહેશે.

3. કોન્ટ્રક્ટરશ્રીએ પાણી વહનનું ઓછામાં ઓછુ એક કામ એક વર્ષ માટે કરેલ હોવુ જોઇએ અને તે મતલબનું પ્રમાણપત્ર વર્ગ-૨ થી ઓછા નહીં એવા અધીકારીશ્રીની સહી સાથેનું સ્કેન કરી ઓન લાઇન મુકવાનું રહેશે તથા ટપાલથી પણ વેરીફીકેશન માટે રજુ કરવાનું રહેશે.

4. આ કામનો આદેશ આપ્યાથી એક વર્ષ સુધી ઠેકેદાર આ કામ આજ શરતો તેમજ ભાવોથી કરવા બંધાયેલ છે. **પરતું જિલ્લા પાણી સમિતિ નક્કી કરે તે મુજબ આ કામનો સમયગાળો આજ શરતો તેમજ ભાવોથી વધારી અથવા ઘટાડી શકાશે, જે ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે.**

5. આ કરાર જો નિર્ધારિત સમય પહેલાં કોઇપણ કારણોસર રદ કરવામાં આવશે તે માટે ઠેકેદારને કોઇ હકક, વળતર આપવામાં આવશે નહીં.

6. સરકારશ્રી દ્વારા જાહેર થયેલ જી.એસ.ટી.ની જોગવાઇઓ ધ્યાને રાખી એજન્સીએ ભાવો આપવાના રહેશે. જી.એસ.ટી/વેટ/ કે અન્ય કોઇ પણ કર માળખા બાબતે સરકારશ્રી દ્વારા વખતોવખત જે કોઇ નિર્ણયો અમલમાં લવાશે તે મુજબની કાર્યવાહી કરવા એજન્સી બંધનકર્તા રહેશે. જી.એસ.ટી અલગથી ચુકવવવામાં આવશે.

7. **જે ભાવ મંજુર થયેલ હશે તેમાં કોન્ટ્રાકટની મુદત દરમ્યાન કોઇ પણ કારણોસર ભાવ વધારો આપવા માટેથી કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહીં અને એકવાર મંજુર થયેલ ભાવો આખરી ગણાશે. ડીઝલના ભાવોમાં થતી વધ-ઘટ માટે પ્રાઇસ વેરિએશન ક્લોઝ મુજબ ચુકવણું કરવામાં આવશે.**

૪. <u>પ્રાઇસ વેરીએશન ક્લોઝ :</u>

I.O.C /HPC/ BPC (કોઇ પણ સરકારી પેટ્રોલીયમ કંપની) મુજબ ડીઝલનો બેઝિક રેટ ટેન્ડર પ્રસિધ્ધ થયાના તારીખે મુખ્ય મથકના દર મુજબ રહેશે.

પ્રાઇસ વેરીએશન મુખ્ય મથકના માસિક સરેરાશ દર મૂજબ ચુકવવામાં આવશે.

- ૩૫૦૦ થી ૫૦૦૦ લીટરના ટ્રેક્ટર/ટેન્કર માટે ડીઝલના રૂ. ૧/-ના વધ-ઘટમાં પ્રતિ કિલોમીટરે રૂ.૦.૨૦/- મૂજબ ગણતરી કરવાની રહેશે.
- ૧૦,૦૦૦ થી ૧૫૦૦૦ લીટરના ટ્રેક્ટર / ટેન્કર માટે ડીઝલના રૂ. ૧/-ના વધ-ઘટમાં પ્રતિ કિલોમીટરે રૂ.૦.૨૫/- મૂજબ ગણતરી કરવાની રહેશે.
- ૨૦,૦૦૦ થી ૨૫૦૦૦ લીટરના ટ્રેક્ટર / ટેન્કર માટે ડીઝલના રૂ. ૧/-ના વધ-ઘટમાં પ્રતિ કિલોમીટરે રૂ.૦.૩૩/- મૂજબ ગણતરી કરવાની રહેશે.

<u>પ્રાઇઝ વેરીફીકેશનની ગણતરી કિ.મી મુજબ નીચે મુજબ છે.</u>

- ૦.૦૦ થી ૫.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૨.૫૦ x ૨ x તફાવતની રકમ
- ૫.૦૦ થી ૧૦.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૭.૫૦ x ૨ x તફાવતની રકમ
- ૧૦.૦૦ થી ૧૫.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૧૨.૫૦ x ૨ x તફાવતની રકમ
- ૧૫.૦૦ થી ૨૦.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૧૭.૫૦ x ૨ x તફાવતની રકમ
- ૨૦.૦૦ થી ૨૫.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૨૨.૫૦ x ૨ x તફાવતની રકમ
- ૨૫.૦૦ થી ૩૦.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૨૭.૫૦ x ૨ x તફાવતની રકમ
- ૩૦.૦૦ થી ૩૫.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૩૨.૫૦ x ૨ x તફાવતની રકમ
- ૩૫.૦૦ થી ૪૦.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૩૭.૫૦ x ૨ x તફાવતની રકમ
- ૪૦.૦૦ થી ૪૫.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૪૨.૫૦ x ૨ x તફાવતની રકમ
- ૪૫.૦૦ થી ૫૦.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૪૭.૫૦ x ૨ x તફાવતની રકમ
- ૫૦.૦૦ થી વધુ કિ.મી. માટે – ૫૦ x ૨ x તફાવતની રકમ

ઉદાહરણ તરીકે :

- ૧૦,૦૦૦ લીટર માટે ૦.૦૦ થી ૫.૦૦ કિ.મી.ની લીડ માટે રૂ. ૧૦૦૦/- નો દર મંજૂર થયેલ છે.
  - ટેન્ડર પ્રસિધ્ધિની તારીખે જીલ્લા મુખ્ય મથકમાં ડીઝલના ભાવ I.O.C /HPC/ BPC ( કોઇ પણ સરકારી પેટ્રોલીયમ કંપની) મુજબ <u>રૂ.૯૭.૭૮/- પ્રતિ લીટર</u> હતા.
  - જે માસમાં સેવાઓ પુરી પાડવામાં આવેલ તે માસમાં મુખ્ય મથકમાં ડીઝલના સરેરાશ ભાવ રૂ.૧૦૦/- છે.

- પ્રતિ લીટર તફાવતની રકમ : રૂ.૧૦૦ - રૂ.૯૭.૭૮ = રૂ.૨.૨૨/-

- ❖ ૦.૦૦ થી ૫.૦૦ કિ.મી. માટે તફાવતની રકમ = ૨.૫૦ x ૨ x રૂ.૨.૨૨/- x ૦.૨૫ = રૂ.૨.૭૮/- પ્રાઇસ વેરીએશન ક્લોઝ સાથે તે માસ માટે રૂ.૧૦૦૦ ની જગ્યાએ રૂ.૧૦૦૨.૭૮ મૂજબ ચુકવણું કરવાનું થાય.
- ❖ ૧૦,૦૦૦ લીટર માટે ૩૫.૦૦ થી ૪૦.૦૦ કિ.મી.ની લીડ માટે રૂ. ૧૫૦૦/- નો દર મંજૂર થયેલ છે.
  - ૩૫.૦૦ થી ૪૦.૦૦ કિ.મી. માટે – સરેરાશ ૩૭.૫૦ x ૨ x રૂ. ૨.૨૨ x ૦.૨૫= રૂ.૪૧.૬૩ પ્રાઇસ વેરીએશન ક્લોઝ સાથે તે માસ માટે રૂ. ૧૫૦૦ની જગ્યાએ રૂ.૧૫૪૧.૬૩ મૂજબ ચુકવણું કરવાનું થાય.
  - આ જ રીતે ૫૦૦૦, ૨૦,૦૦૦ અને ૩૦,૦૦૦ લિટર ક્ષમતાના ટેન્કરો માટે જુદા જુદા અંતરના ભાવોમાં વધ-ઘટની ગણતરી કરી શકાય.

9. શીડયુલ-બીમાં દર્શાવેલ ક્ષમતાથી વધુ ક્ષમતાવાળા વાહનથી કરવામાં આવેલ પાણીના વહન માટે કોઇ અલગ ચુકવણું કરવામાં આવશે નહીં. ઠેકેદારે પોતાની સવલત માટે વધુ ક્ષમતાવાળા વાહનથી વધુ પાણીનું વહન કરશે તો પણ ભાડાની ગણતરી શીડયુલ-બીમાં દર્શાવેલ લાગુ પડતી જે તે ક્ષમતાની મર્યાદામાં જ કરવામાં આવશે અને તે મુજબ ચુકવણું કરવામાં આવશે.

   <u>ઉદાહરણ તરીકે:</u>

   - ❖ ૫૦૦૦ લીટરની ક્ષમતાના વાહનથી પાણી આપવા માટેની સૂચના હોય અને વાહનની ક્ષમતા ૬૦૦૦ લીટર હોય તો ચૂકવણું ૫૦૦૦ લીટરની ક્ષમતાના ટેન્કરના મંજુર થયેલ મુજબ જ કરવાનું રહેશે.
   - ❖ ૧૦,૦૦૦ લીટરની ક્ષમતાના વાહનથી પાણી આપવા માટેની સૂચના હોય અને વાહનની ક્ષમતા ૧૧,૦૦૦ લીટર હોય તો ચૂકવણું ૧૦,૦૦૦ લીટરની ક્ષમતાના ટેન્કરના મંજુર થયેલ મુજબ જ કરવાનું રહેશે.

10. સરકારશ્રીની મંજુરીની અપેક્ષાએ સ્વીકારેલ દરોથી કોઇ પણ કામગીરી સરકારશ્રીની મંજુરી મળતા સુધી વચગાળાની વ્યવસ્થા તરીકે ગણવામાં આવશે અને મંજુર થયેલ ભાવો કોન્ટ્રાકટરે સ્વીકારી કામગીરી ચાલુ રાખવાની રહેશે.

11. જુદી-જુદી ક્ષમતા અને જુદા-જુદા અંતર માટે આવેલ ભાવો પૈકી બધાજ કોન્ટ્રોક્ટરોમાંથી સૌથી ઓછા ભાવ દરેક ક્ષમતા મુજબ, દરેક સ્લેબ નક્કી કરવામાં આવશે, જે બંધનકર્તા રહેશે.

12. **ભાવો પાણી ભરવાના નિયત કરેલ સોર્સથી પાણી પહોંચાડવાના ડેસ્ટીનેશન (ગામ) મુજબ એક તરફના અંતર માટે જ આપવાના રહેશે.** ખાલી **ટેન્કર અથવા એચ.ડી.પી.ઇ. ટાંકી ગોઠવેલ ટ્રક કે ટ્રેકટર** પરત આવે તે માટે કોઇ અલગ ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહીં. એક તરફનો અંતર જે તે ના.કા.ઇ.શ્રી. પ્રમાણીત કરશે, જે ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે. ગામની અંદર જુદા-જુદા સ્થળે

કરવામાં આવેલ પાણીના વિતરણ માટે કોઇ કી.મી.ની ગણતરી કરવામાં આવશે નહીં અને તેનું ચુકવણું પણ કરવામાં આવશે નહીં

13. જો ઠેકેદારોના ભાવો એક અથવા વધુ લીડ માટે અલગ અલગ ઓછા આવે અને મંજુર કરવામાં આવે તો તેણે તે પ્રમાણે તેની મંજુર થયેલ લીડ માટે પણ કામ કરી આપવું પડશે. ફકત એકજ લીડના ભાવો મંજુર થયા છે માટે પોસાતું નથી. એવી રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં અને ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ અન્ય ઠેકેદાર પાસેથી તેની આ લીડ માટે તેમના ભાવે કામ કરાવી વધારાનો ખર્ચ મુળ ઠેકેદાર પાસેથી વસુલ લેવામાં આવશે.

14. ફકત એક અથવા વધુ લીડના ભાવો અલગ ઠેકેદારના મંજુર થાય તો ડીપોઝીટની રકમમાં ફેરફાર કરવાનો હકક ખાતાને રહેશે, જે તેની મનસુફીને આધીન રહેશે.

15. ભાવો ખોલતી વખતે જો કોઇ પણ લીડ માટે એકથી વધુ ઠેકેદારના ભાવો સરખા આવે તો તેઓ પાસેથી બંધ કવરમાં ફરીથી ભાવો આપવા તરતજ મૌખિક જણાવવામાં આવશે. અને ઠેકેદારોએ એ ભાવો ત્યારેજ આપવાના રહેશે, જેથી તરતજ મંજુરી અંગેનો નિર્ણય થઇ શકે.

16. **મંજુર થયેલ ભાવ મુજબ જરૂર જણાયે બીજી ખાનગી એજન્સી અથવા ગ્રામ પંચાયત અથવા જીલ્લા પાણી સમિતિ નક્કી કરે તે મુજબ સરકારી ટ્રક, ટેન્કર અને ટ્રેકટરો કામે રોકવા માટે ખાતાને સત્તા રહેશે અને ખાતું સ્વાતંત્ર રહેશે.**

17. **જિલ્લામાં કોઇ કુદરતી આફત આવે જેવી કે, અતિવૃષ્ટી, સુનામી, ભૂકંપ વગેરે ત્યારે તાત્કાલિક ધોરણે ટેન્કરો દ્વારા શુધ્ધ પીવાલાયક પાણી પુરવઠો પૂરો પાડવાની જવાબદારી ઠેકેદારની રહેશે.**

18. **આ કોન્ટ્રાકટરની શરતોના અર્થ અને તેની સમજ અંગે કોઇપણ જાતનો જો વાંધો પડશે તો અધ્યક્ષશ્રી, જિલ્લા પાણી સમિતિ તરફથી જે નિર્ણય આપવામાં આવશે તે છેવટનો ગણાશે તે કોન્ટ્રેકટરને બંધનકર્તા રહેશે.**

19. પાણી પુરુ પાડવા માટેની કામગીરી સોંપવામાં આવે તે સમય દરમ્યાન પાણી હેરફેર માટે ડ્રાયવર અને કલીનર સહિત પુરતા **ટેન્કર અથવા ટ્રક કે ટ્રેકટર** થી પુરા પાડવાના રહેશે. આ કામગીરી માટે અન્ય કોઇની પણ માલીકીની **ટેન્કર અથવા ટ્રક કે ટ્રેકટર**નો ઉપયોગ કરી શકાશે. પરંતું તે અંગેની સંપૂર્ણ જવાબદારી ઠેકેદારશ્રીની રહેશે. વધુમાં, **ટેન્કર અથવા ટ્રક કે ટ્રેકટરમાં જીપીએસ સીસ્ટમ લગાડવી ફરજીયાત રહેશે. તથા જીપીએસ સીસ્ટમ આધારીત ફેરાનું જ ચુકવણું કરવામાં આવશે.**

20. ટેન્કર મારફતે લાભાર્થી ગામ / ફળિયાને ટૂંકા માર્ગે પાણી પુરુ પાડવાનું રહેશે.

21. કોઇપણ કારણસર **ટેન્કર અથવા એચ.ડી.પી.ઇ. ટાંકી ગોઠવેલ ટ્રક કે ટ્રેકટર** સમયસર ભરી શકાય નહીં અગર તો ખાલી કરી શકાય નહીં તો રોકાણના સમય માટે કોઇપણ જાતનું રોકાણ ચાર્જ કે વળતર ચુકવવામાં આવશે નહીં. કામગીરી ન હોય ત્યારે ટેન્કર-ટ્રક તથા ટ્રેકટર ખાલી પડી રહે તે માટે પણ કોઇપણ જાતનું રોકાણ ચાર્જ કે અલગ વળતર આપવામાં આવશે નહીં. વધારાના ડ્રાયવર અથવા અન્ય કોઇ માણસ પાણી લેવા કે વિતરણ માટે રાખવામાં આવે તો તે માટે અલગથી વધારાનું ચુકવણું કે વળતર ચુકવવામાં આવશે નહીં.

22. **ટેન્કરોમાં પાછળના ભાગે લોકો પાણી જાતે લઇ શકે તે માટે ૧૦ જેટલા નળોની** સુવિધા ફરજીયાત રાખવાની રહેશે. ટેન્કરમાં પાણી ખાલી કરવાની સુવિધાઓ હોવી જોઇએ.

23. ટેન્કરની સેવાઓ પુરી પાડવા માટે ઠેકેદાર વર્ષના તમામ દિવસો અને ૨૪ કલાક માટે જિલ્લાનાં કોઇ પણ વિસ્તારમાં તમામ પ્રકારના રસ્તા ઉપર સમયસર સેવા પૂરી પાડવા માટે બંધાયેલ રહેશે.

24. પરિવહન દરમ્યાન પુરેપુરો પાણીનો જથ્થો સલામત અને તેજ સ્થિતીમાં પહોંચાડવાની જવાબદારી ઠેકેદારની રહેશે.

25. પાણીના ટેન્કર મારફતે થયેલ નુકશાની અને અન્ય પક્ષને થયેલ નુકશાનીની જવાબદારી ઠેકેદારની રહેશે.

26. પાણી વહનના બીલો નિયત કરેલ ફોર્મમાં જયાં પાણીનો જથ્થો મોકલેલ હોય ત્યાં તે મળ્યાની અસલ રસીદ **સરપંચ/તલાટીશ્રીની સહી સાથે મોડામાં મોડા દિન-૩માં રજુ કરવાની રહેશે.** બીલની સાથે જરૂરી દસ્તાવેજ  જેવા કે વાહનની લોગબુક, અધિકૃત વ્યકિત પાસેથી મેળવેલ પહોંચો, ટ્રકના રજી.નંબર સાથે ટ્રક વાઇઝ ગામવાઇઝ બીલો જે મુજબ ખાતા દ્વારા માંગવામાં આવે તે મુજબ રજુ કરવાના રહેશે. તથા પાણીનો વિતરણનો દૈનિક રીપોર્ટ લગત કચેરીમાં રજુ કરવાનો રહેશે. આ ઉપરાંત ફીલીંગ પોઇન્ટ પર પાણી મેળવવા સબબનાં ફીલીંગ પોઇન્ટનાં રાજીસ્ટરની નકલ પણ બીલ સાથે રજુ કરવાનું રહેશે. આ સાથે G.P.S ની પ્રીન્ટ પણ બીલ સાથે રજુ કરવાની રહેશે.

27. ઠેકેદાર કામ સંતોષકારક નહી કરે અથવા કામમાં નિયમિતતા નહી જાળવે તો ખાતામાં જમા થયેલ અનામતની રકમ જપ્ત કરી કરારખત રદ કરવામાં આવશે અને ઠેકેદારને ૩ વર્ષ માટે કામો ન આપવા માટે બાનમાં મુકવામાં આવશે.

28. કામ સબ ખાતા દ્વારા જે રેકર્ડ નિભાવવા ઠેકેદારને સુચના આપવામાં આવે તે સમગ્ર રેકર્ડ નિભાવવાની જવાબદારી ઠેકેદારની રહેશે અને તે રેકર્ડની નકલો બીલ સાથે રજુ કરવાની રહેશે.

29. જે તે સ્થળેથી કાચા અને પાકા રસ્તાઓ ઉપરથી જયારે જયારે જરૂરીયાત જણાય ત્યારે **ત્યારે ટેન્કર અથવા ટ્રક કે ટ્રેકટર** ધ્વારા પાણી પહોંચાડવાની જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે. કોઇપણ જગ્યા એ ટેન્કર જઇ શકે તેમ છે કે કેમ ? તે અંગે જે તે વિસ્તારનાં કાર્યપાલક ઇજનેરશ્રીનો નિર્ણય

માન્ય રહેશે, આમ છતાં વિવાદના કિસ્સામાં જીલ્લા કલેક્ટરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા જણાશે.

30. કોન્ટ્રાકટર **ટેન્કર અથવા ટ્રક કે ટ્રેકટર** સારી હાલતમાં પુરતા સાધનો સહીત તૈયાર રાખવાની રહેશે. લીકેજીસ વાળા ટેન્કર અથવા ટાંકાથી કરેલ ફેરા ગણત્રીમાં લેવામા આવશે નહીં.

31. કોન્ટ્રાકટરનાં સમય દરમ્યાન રસ્તાઓના ડાયવર્જનના કારણે વધારાનું ભાડુ સરકારશ્રી તરફથી કોન્ટ્રાકટરને આપવામાં આવશે નહી.

32. કામનો ઝડપી નિકાલ થાય તે માટે કોન્ટ્રાકટર પોતાના ખર્ચે જિલ્લા/તાલુકા લેવલે અને તે ઉપરાંત કલેકટરશ્રી તરફથી સુચના થાય તેવા તાલુકાના મથક તથા અન્ય સ્થળોએ પોતાની કચેરીઓ ખોલવાની રહેશે અને તે માટે વર્કશોપ, ટેલીફોન અને તેને લગતો સ્ટાફ વિગેરેની વ્યવસ્થા પોતાના ખર્ચે કરવાની રહેશે. અને આ કચેરીને તેમની કચેરીના પુરેપુરા સરનામા તથા ફોન નંબર તુરત જ જણાવવાના રહેશે.

33. કોન્ટ્રાકટર રાજયના મોટર વાહન કન્ટ્રોલર તરફથી વખતો વખત થયેલા નિયમો તથા મોટર વાહન કાયદો ૧૯૩૯ તથા તે અનુસાર થયેલ નિયમોને આધિન રહેવું પડશે.

34. કોઇ કોન્ટ્રાકટર,પેટા કોન્ટ્રાકટર રાખી શકશે નહીં કે કાર્યવાહી કરવા મુક્તાયાર નીમી શકશે નહીં.

35. આવક વેરા કાયદાની જોગવાઇઓ મુજબ, આવકવેરાને પાત્ર થતી રકમ સરચાર્જના ધોરણે બીલમાંથી કપાત કરવામાં આવશે.

36. કોન્ટ્રાકટરની ગેરવર્તુણક કે ગફલતના કારણે કોન્ટ્રાકટરની શરતો અનુસાર કોન્ટ્રાકટ કોઇપણ કારણો જણાવ્યાં સિવાય નોટીશ આપી રદ કરી શકશે અને તે માટે કોન્ટ્રાકટર કોઇપણ જાતનું વળતર માંગી શકશે નહીં.

37. જો કોન્ટ્રાકટર અથવા તેમણે રોકેલા કોઇપણ વ્યક્તિ બોમ્બે પ્રોહીબીશન એકટ-૧૯૪૯ અને બોમ્બે ઓપીયમ સ્મોકીંગ એકટ-૧૯૩૬ હેઠળ સજા પામશે તો કોન્ટ્રાકટ નોટીશ આપ્યા સિવાય રદ કરવા ખાતુ મૂખત્યાર રહેશે. આ કારણે કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે તે માટે કોઇ પણ જાતનું વળતર આપવામાં આવશે નહીં.

38. અંતર માટે કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજય અગર પંચાયત ધ્વારા પ્રમાણીત કરેલ ટુંકામાં ટુંકુ અંતર ધાનમાં લેવાશે. જેથી કોઇપણ બે સ્થળના અંતરના પ્રમાણપત્રોમાં ટુંકામાં ટુંકા અંતરનો ઉલ્લેખ અનિવાર્ય પણ કરવાનો રહેશે.

39. કોન્ટ્રાકટર પાસે આ કામે જે કાંઇ લેણું હશે તે રીતસર જમીન મહેસુલની બાકી તરીકે લેણાંની તારીખથી સરકારશ્રીએ નિયત કરેલ વ્યાજનાના દર સહિત વસુલ કરવામાં આવશે.

40. ઠેકેદારશ્રી દ્વારા વહન કરવામાં આવનાર પાણીમાં સરકારશ્રીની જોગવાઇ મુજબ ક્લોરીનેશન કરવાની જવાબદારી કામ કરનાર ઠેકેદારશ્રીની રહેશે. ક્લોરીનેશનનાં અભાવે કે પીવાલાયક પાણીની સરકારશ્રી દ્વારા નક્કી થયેલ ગુણવત્તા મુજબનાં પાણીના અભાવે, જો કોઇ રોગચાળો ફાટી નીકળશે, તેવા સંજોગામાં તમામ જવાબદારી ઠેકેદારશ્રીની રહેશે તથા આ બાબતે જો કોઇ વળતર વસુલાત અસરકર્તાને આપવાની થશે તો તે ઠેકેદારશ્રી દ્વારા પોતાના ખર્ચે અને જોખમે ચુકવવાની રહેશે. આ બાબતે આ કામ કરાવનાર ખાતા/વિભાગ કે સરકારશ્રીની કોઇ જવાબદારી રહેશે નહી. જો આમ કરવામાં ઠેકેદારશ્રી તરફથી કોઇ ચુક થશે તેવા સંજોગોમાં ઠેકેદારશ્રી તરફ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને સદર બાબતે થનાર તમામ ખર્ચ ઠેકેદારશ્રી પાસેથી વસુલ કરવામાં આવશે.

41. પીવાલાયક પાણી વહનની કામગીરી દરમયાન કોઇ પણ ગામ કે વિસ્તારમાં ગંદકી ન થાય તેની તકેદારી ઠેકેદારશ્રીએ રાખવાની રહેશે તેમજ ગંદકી થયેલ જણાયેલ હોય તેવા સંજોગોમાં ઠેકેદારે જરૂરી પગલાં લઇ, ગંદકી દુર કરવાની કામગીરી પોતાના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. આ બાબતે આ કામ કરાવનાર ખાતા/વિભાગ કે સરકારશ્રી તરફ કોઇ અલગ ચુકવણું કરવામાં આવશે નહી. ઠેકેદારશ્રી દ્વારા ગંદકી દુર કરવામાં નહી આવે તેવા સંજોગોમાં, ખાતા દ્વારા ગંદકી દુર કરવાની કામગીરી કરવામાં આવશે તથા આ અંગે થનાર ખર્ચની વસુલાત ઠેકેદારશ્રીના બીલમાંથી કરવામાં આવશે.

42. વિલંબીત ચુકવણા માટે પાણી પુરવઠા બોર્ડ એટલે કે ખાતાની કોઇ જ પ્રકારની જવાબદારી રહેશે નહીં. તેમજ ઇજારદારશ્રી દ્વારા કોઇ પ્રકારનો વ્યાજનો હક્ક દાવો માન્ય રહેશે નહીં.

43. પીવાના પાણીના પરીવહનના કામે ટેન્કર અથવા ટ્રક કે ટ્રેકટરની આર.ટી.ઓ. માન્ય આર.સી. બુકની વાહન વાર પ્રમાણીત નકલ ઓનલાઇન અપલોડ કરવાની રહેશે તેમજ હાર્ડ કોપીમાં પણ ખાતાને પહોંચાડવાની રહેશે.
44. G.P.S Based લીડની ગણત્રી, પાણી મળ્યાની ખાત્રી,પેમેન્ટ માટે ફ્લો કોપી પ્રીન્ટ આઉટ ફરજીયાત રજુ કરવાની રહેશે, જેના આધારે ચકાસવું કરવાનું રહેશે.
45. GWSSB ની વડી કચેરી ખાતેના કંટ્રોલ રૂમ સાથે GPS ડેટા લીંક અપ કરવાનો રહેશે.

46. GPS ને ચેડા કરવામાં આવે તેવા કિસ્સામાં કરાર રદ કરી ઇજારદારને બ્લેક લીસ્ટ કરવામાં આવશે.
47. પીવાના પાણીના ટેન્કરમાં અન્ય કોઇ પ્રવાહી જેવાકે, ટ્રીટેડ વેસ્ટ વોટર, એફલ્યુએન્ટ, કેરોસીન, પેટ્રોલ,ઓઇલ વગેરે વહન કરવાનું રહેશે નહીં.

48. અન્ય કોઇ પ્રવાહી(ટ્રીટેડ વેસ્ટ વોટર, એફલ્યુએન્ટ, કેરોસીન, પેટ્રોલ,ઓઇલ વગેરે) નું વહન કરતા ટેન્કરોનો ઉપયોગ પીવાના પાણીના વહન કરવા માટે કરી શકાશે નહીં.
49. ટેન્કર/ટ્રક/ટ્રેકટરનો કુલ વિમો ઉતરાવેલ હોવો જોઇએ.

50. ટેન્કર/ટ્રક/ટ્રેકટરનો ટેક્ષ સંપૂર્ણ ભરેલ હોવો જોઇએ.તથા ફીટનેસ સર્ટીફીકેટ હોવું જોઇએ.

51. અકસ્માતના કિસ્સામાં સંપૂર્ણ જવાબદારી જે તે ઇજારદારની રહેશે. તેમજ સત્વરે વૈકલ્પિક વ્યસ્થા પણ કરી આપવાની રહેશે.

52. ટેન્કર/ટ્રક/ટ્રેકટરનું મોડલ વર્ષ:૨૦૧૫ (Year 2015) પછીનું હોવું જોઇએ તેમજ પ્રવર્તમાન નિયમોનુસાર રજીસ્ટર થયેલ હોવું જોઇએ.

53. આ કામની અંદાજીત રકમ અનુભવના આધારીત આશરે દર્શાવેલ છે કામ જરૂરીયાત મુજબનું કરાવવામાં આવશે. ખરેખર કામના જથ્થામાં વધારો/ઘટાડો થવા પાત્ર રહેશે. જે બાબતે ઠેકેદારશ્રી દ્વારા કોઇપણ પ્રકારનો વાંધો લેવાનો રહેશે નહી.

54. પાણી વહન ટેન્ડર માં પાણી ખર્ચ કોન્ટ્રાક્ટરે ભોગવવાનું છે.

55. બોર્ડ દ્વારા વખતોવખત થતા પરીપત્રો એજન્સી ને બંધનકર્તા રહેશે.

ઇજારદારશ્રી

કાર્યપાલક ઇજનેર
**(વતી, અધ્યક્ષશ્રી તથા હોદ્દાની રૂએ જિલ્લા કલેક્ટરશ્રી)**
જા.આ.બાંધકામ વિભાગ આણંદ